NAAC ACCREDITED A++ GRADE 3.55/4

BAOU Education for All

स्वाध्यायः परम तपः

Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

Accorded with CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY by UGC



માહિતી માર્ગદર્શન પુસ્તિકા 2026

- **ATRI** SPECIAL LEARNER SUPPORT CENTRE
- **GARGI** CENTRE FOR THE HOLISTIC DEVELOPMENT OF WOMEN
- **VIVEKANANDA LIBRARY**
- **GURUKUL** MODEL LEARNER SUPPORT CENTRE
- **DRONACHARYA** CENTRE FOR INNOVATION, STARTUP AND ENTREPRENEURSHIP
- **EKLAVYA** STUDENT SUPPORT PORTAL



"Cultivation of mind should be the ultimate aim of human existence... Life should be great rather than long..."



भारतरत्न

Dr. Bhimrao Ramji Ambedkar

14 April 1891 - 06 December 1956

॥ आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ॥

‘ઉત્તમ વિચાર દરેક દિશામાંથી મને પ્રાપ્ત થાઓ’



A warm and heartfelt welcome to all learners who aspire to pursue higher education with the flexibility of time and space, here at Dr. Babasaheb Ambedkar Open University (BAOU), Ahmedabad, Gujarat, Bharat. As aptly said, "our ability to transform lives and society underpins who we are and what we do." Serving as an academic and administrative leader at this esteemed institution, named after the visionary Dr. Babasaheb Ambedkar, has been a deeply enriching journey.

It gives me immense pride to share that BAOU has been conferred the prestigious 12B status by the University Grants Commission (UGC) and has achieved 3rd Rank in the National Institutional Ranking Framework (NIRF) India Rankings 2024. Currently, the university offers 09 online programmes, 07 programmes on the SWAYAM platform, and over 100 programmes through open and distance learning. A new Regional Centre has been established at Palanpur, and we are now preparing to launch the School of Sciences.

Our university remains steadfast in upholding the educational philosophy of Bharat Ratna Dr. Babasaheb Ambedkar. Guided by the motto of "Education for All", we are committed to inclusive and flexible education that reaches every stratum of society. Our efforts are directed toward achieving the university’s vision and mission through community development and the adoption of innovative and global best practices in pedagogy. Our key initiatives include Curriculum integration of Indian Knowledge Systems (IKS), Indian languages and scripts, Environmental Education, Life Skills, Human Values, and Professional Ethics. BAOU has implemented NEP 2020 with flexible entry-exit options, credit transfer, Admission per course, Academic Bank of Credit and on-demand examinations

We have also introduced impactful societal outreach programmes, including Adoption of villages for development initiatives, ‘Atri’ Special Learner Support Centre to educate sex workers, transgender individuals, persons with HIV/AIDS, and the differently abled. Free education for all transgender learners, Jail Inmates and wives and children of army martyrs, ‘Gargi’ – Centre for the Holistic Development of Women, which supports women researchers through grants, Bal Sanskar Kendra for value-based early childhood development, Centre for Recognizing Prior Learning (RPL) for acknowledging informal and experiential learning.

It is an honour to be part of this transformative movement in the open and distance learning ecosystem. Together, with the dedicated efforts of our team, we strive to deliver quality education and create meaningful change in the lives of our learners and the broader community.

I extend my sincere gratitude to the State Government, governing bodies, and all our partners and stakeholders for their continued guidance and support in realizing the university’s mission.

Let us continue to reach new milestones in our shared journey of education and empowerment.

Best Wishes,
Prof. (Dr.) Ami Upadhyay
Vice Chancellor
Dr. Babasaheb Ambedkar Open University

યુનિવર્સિટી ગીત



સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ

ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...

અનુક્રમણિકા

1 આપણી યુનિવર્સિટી

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
- મુદ્રા-ધ્યાનમંત્ર : અર્થબોધ
- યુનિવર્સિટીના ઉદ્દેશો
- યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ
- લક્ષ્યાંકિત જનસમૂહો
- સંસ્થાકીય વહીવટી માળખું
- વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

2 સામાન્ય નિયમો

3 યુનિવર્સિટીના અભ્યાસક્રમો

★ સ્નાતક પદવી અભ્યાસક્રમ

3.1 બૅચલર ઓફ આર્ટ્સ (BA)
3.2 બૅચલર ઓફ આર્ટ્સ (BAHONS)
3.3 બૅચલર ઓફ કૉમર્સ (BCOMHONS)
3.4 બૅચલર ઑફ સાયન્સ (HONS)- ઈન્ફર્મેશન ટેકનોલોજી (BSCIT)
3.5 બૅચલર ઑફ સાયન્સ (HONS)- સાયબર સિક્યુરિટી (BSCCS)
3.6 બૅચલર ઑફ કમ્પ્યૂટર એપ્લીકેશન (HONS) (BCA)
3.7 બૅચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA)
3.8 બૅચલર ઑફ સોશિયલ વર્ક (BSW)
3.9 બૅચલર ઑફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (BLIS)

★ અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ

- માસ્ટર ઑફ આર્ટ્સ (અંગ્રેજી)
- માસ્ટર ઑફ આર્ટ્સ (હિન્દી)
- માસ્ટર ઑફ આર્ટ્સ (સમાજશાસ્ત્ર)
- માસ્ટર ઑફ આર્ટ્સ (ગુજરાતી)

3.10 માસ્ટર ઑફ આર્ટ્સ (સંસ્કૃત)
3.11 માસ્ટર ઑફ આર્ટ્સ હિન્દુ સ્ટડીઝ (MAHS)
3.12 માસ્ટર ઑફ આર્ટ્સ ઇન્ડિયન નોલેજ સિસ્ટમ (MAIKS)
3.13 માસ્ટર ઑફ સોશિયલ વર્ક (MSW)
3.14 માસ્ટર ઑફ આર્ટ્સ - જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન (MAJMC)
3.15 માસ્ટર ઑફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (MLIS)
3.16 માસ્ટર ઑફ કૉમર્સ (MCOM)
3.17 માસ્ટર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (MBA)
3.18 માસ્ટર ઑફ સાયન્સ - ઈન્ફર્મેશન ટેકનોલોજી (MSCIT)
3.19 માસ્ટર ઑફ સાયન્સ - સાયબર સિક્યુરીટી (MSCCS)
3.20 માસ્ટર ઑફ સાયન્સ - ડેટા સાયન્સ (MSCDS)
3.21 માસ્ટર ઑફ કમ્પ્યૂટર એપ્લીકેશન (MCA)

ડિપ્લોમા અભ્યાસક્રમ

★

- ડિપ્લોમા ઇન ફાયનાન્શિયલ મેનેજમેન્ટ (DFM)
- ડિપ્લોમા ઇન એડવાન્સ કોસ્ટ એકાઉન્ટીંગ (DACA)
- ડિપ્લોમા ઇન એડવાન્સ એકાઉન્ટીંગ (DAA)
- ડિપ્લોમા ઇન ઇન્સ્યોરન્સ (DIN)
- ડિપ્લોમા ઇન ઓપરેશનલ રીસર્ચ (DOR)
- ડિપ્લોમા ઇન મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર (DMCH)
- ડિપ્લોમા ઇન વિલેજ હેલ્થ વર્કર (DVHW)
- ડિપ્લોમા ઇન સંસ્કૃત લેંગ્વેજ (DSL)
- ડિપ્લોમા ઇન મલ્ટીમીડિયા એન્ડ એનિમેશન (DMA)
- ડિપ્લોમા ઇન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (DJMC)
- ડિપ્લોમા ઇન ફેશન ડીઝાઈનિંગ (DFD)
- ડિપ્લોમા કોર્સ ઇન સ્પોકન સંસ્કૃત (DSS)
- ડિપ્લોમા ઇન ફૂડ એન્ડ ન્યૂટ્રીશન (DFN)
- ડિપ્લોમા ઇન હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યૂટીઝ (DHRD)
- ડિપ્લોમા ઇન યોગ સાયન્સ (DYS)
- ડિપ્લોમા ઇન ટ્રાન્સલેશન સ્ટડીઝ (DTS)
- ડિપ્લોમા ઇન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (DBA)
- ડિપ્લોમા થિયેટર આર્ટ્સ (DITA)
- ડિપ્લોમા કમ્પ્યૂટર એપ્લિકેશન (DCA)
- ડિપ્લોમા ઇન હેલ્થ સેનેટરી ઇન્સ્પેક્ટર (DHSI)
- ડિપ્લોમા ઇન કોમ્પેરેટિવ લિટરેચર (DCL)
- ડિપ્લોમા ઇન ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી એન્ડ સાયબર ક્રાઇમ (DIPACC)

★ સર્ટિફિકેટ અભ્યાસક્રમ

- સર્ટિફિકેટ ઇન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઇન ઈંગ્લિશ-લેવલ-1 (CCSE)
- સર્ટિફિકેટ ઇન કમ્પ્યૂટર કન્સેપ્ટ – બીએઓયુ (CCC-BAOU)
- સર્ટિફિકેટ ઇન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ (CTBA)
- સર્ટિફિકેટ ઇન પેરન્ટહુડ (CCBP)
- સર્ટિફિકેટ ઇન યોગવિજ્ઞાન (CYS)
- સર્ટિફિકેટ ઇન નેચરોપથી (CIN)
- સર્ટિફિકેટ ઇન એન્વાયરમેન્ટ અવેરનેસ (CEA)
- સર્ટિફિકેટ ઇન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટ્સ(CALT)
- સર્ટિફિકેટ ઇન આંગણવાડી કાર્યકર્તા (CCAW)
- સર્ટિફિકેટ ઇન જર્ની ઓફ ફર્સ્ટ વન થાઉઝન્ડ ડેઝ ઓફ લાઈફ (CJFTDL)
- સર્ટિફિકેટ ઇન સાઉન્ડ,ઓડિયો અને વિડીઓ ટેક્નોલોજી (CSAVT)
- સર્ટિફિકેટ ઇન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન (CJMC)
- સર્ટિફિકેટ ઇન ફેશન ડિઝાઈનીંગ (CFD)
- સર્ટિફિકેટ ઇન થિયેટર આર્ટ્સ (CITA)
- સર્ટિફિકેટ કોર્સ ઇન સ્પોકન સંસ્કૃત (CSS)
- સર્ટિફિકેટ ઇન ઇન્ડિયન પોએટીક્સ (CIP)
- સર્ટિફિકેટ ઇન પંચાયતી રાજ ઇન ગુજરાત (CPRG)
- સર્ટિફિકેટ ઇન ફૂડ એન્ડ ન્યૂટ્રીશન (CFN)
- સર્ટિફિકેટ ઇન ચાઈલ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ (CCCD)
- સર્ટિફિકેટ ઇન ઈન્ડિયાઝ નેશનલ સિક્યોરીટી (CINS)
- સર્ટિફિકેટ ઇન ડાયસ્પોરા સ્ટડીઝ (CDS)
- સર્ટિફિકેટ ઇન ઈંગ્લિશ લેંગ્વેજ ટીચિંગ (CELT)
- સર્ટિફિકેટ ઇન પ્રોગ્રામ ઇન્ડસ્ટ્રીયલ ઇકોનોમિક્સ (CPIE)

3.22 પીએચ.ડી. અભ્યાસક્રમ
3.23 CCC and CCC-PLUS
3.24 બી.એડ્. તથા બી.એડ્. સ્પેશ્યલ એજ્યુકેશન અભ્યાસક્રમ

4 વેબસાઈટ પર ઉપલબ્ધ યુનિવર્સિટીનાઅભ્યાસ કેન્દ્રો અને પ્રાદેશિક કેન્દ્રો વિષયક માહિતી મેળવવાનું માર્ગદર્શન

5 Anti Ragging

1 આપણી યુનિવર્સિટી



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994 માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ(ACT)- 'ગુજરાત એક્ટ નં.14' વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિ.13 એપ્રિલ 1994 ના રોજ થઈ.

મુદ્રા - ધ્યાનમંત્ર : અર્થબોધ



મુદ્રાનું **વર્તુળાકાર** સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે. સમગ્ર ભાર સ્રોત-સ્વ- ઉપર છે.

સમગ્ર મુદ્રામાં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા 'પરિવર્તનશીલતા' અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

'स्वाध्यायः परमं तपः' - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

'स्वाध्यायः परमं तपः' - 'સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે' અને 'જીવનપંથ ઉજાળ'-બન્ને સૂત્રોમાં એક સહિયારું તત્ત્વપ્રકાશ છે; જે **જ્યોત** દ્વારા દર્શાવાય છે. જ્યોત-તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના દ્વાર શિક્ષણ મેળવવા ઈચ્છુક પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લા છે. સ્થળ, સમય અને વયની મર્યાદાઓથી મુક્ત એવા આ વિદ્યાધામમાં પ્રત્યેક વ્યક્તિ શિક્ષણ મેળવી શકે છે અને 'Education for All' સૂત્રનું વાસ્તવમાં પરિપાલન થાય છે.આ સૂત્ર યુનિવર્સિટીની મુદ્રા સાથે યથાયોગ્ય સ્થાન પામ્યું છે.

યુનિવર્સિટીના ઉદ્દેશોઃ

- અત્યાધુનિક સંચારમાધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.
- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

યુનિવર્સિટીની વિશિષ્ટતાઓઃ

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ/પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો/સરકારી કોલેજો/અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસસામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમપૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- *અત્યાધુનિક "સ્ટેટ ઑફ ધ આર્ટ" ચૈતન્ય સ્ટુડિયો દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દ્રશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી "સ્વાધ્યાય રેડિયો" અને "સ્વાધ્યાય ટેલિવિઝન"નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગી માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.*
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઈટ.
- 10+2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે.
- *વિદ્યાર્થીને અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક તથા પ્રમાણપત્ર પોતાના સરનામે મળી રહે તેવી યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.*

લક્ષ્યાંકિત જનસમૂહો

- ધોરણ 10+2 પાસ થયેલ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ.
- યુનિવર્સિટીમાં બાહ્ય રીતે શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો સમુદાય.
- પરંપરાગત યુનિવર્સિટીમાં નિયમિત કે એક્સટર્નલ અભ્યાસ કરતાં કરતાં સમાંતર રીતે પ્રમાણપત્ર કે ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ.
- ધોરણ 12માં ઉત્તીર્ણ થઈને દૂરવર્તી પદ્ધતિથી વાણિજ્ય કે વિનયન શાખામાં ડિપ્લોમા કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ.
- તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા.
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને સમયની અનુકૂળતા મુજબ અભ્યાસની વ્યવસ્થા.
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે અંતરિયાળ ગ્રામવિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક.
- જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે અભ્યાસની તક.

સંસ્થાકીય વહીવટી માળખું

ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના કુલાધિપતિ છે. કુલપતિશ્રી, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી અને નાણાંઅધિકારીશ્રી યુનિવર્સિટીના અધિકારીઓ છે. બોર્ડ ઑફ મૅનેજમેન્ટ, એકૅડેમિક પ્લાનિંગ બોર્ડ અને નાણાં સમિતિ યુનિવર્સિટીનાં સત્તામંડળો છે. વિવિધ વિષયોની અભ્યાસ-સામગ્રીનાં આયોજન, વિકાસ અને સંશોધન માટે શૈક્ષણિક વિભાગ છે. જ્યારે પ્રવેશ, સામગ્રી વિતરણ, પ્રાદેશિક સેવાઓ અને મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સેવા-વિભાગ કાર્યરત છે.

વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠયક્રમના અભ્યાસમાં ઉદ્‌ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલા અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય સેવાઓ અંતર્ગત સંબંધિત પ્રાદેશિક વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

‘અત્રિ’ સ્પેશ્યલ લર્નર સપોર્ટ :

જો આપ દિવ્યાંગ, ટ્રાન્સજેન્ડર, HIV+, વીરવધૂ, સૈનિક, પોલીસ કે અન્ય કોઈ પણ વિશિષ્ટ જરૂરિયાત ધરાવનાર પ્રવેશાર્થી છો તો આપનું રજિસ્ટ્રેશન ‘અત્રિ’ સ્પેશ્યલ લર્નર સપોર્ટ સેન્ટર અંતર્ગત કરાવશો જેથી આપની વિશિષ્ટ જરૂરિયાત સંતોષવાનો સેન્ટર પૂરતો પ્રયત્ન કરશે.

યુનિવર્સિટીના સેલ

- **Anti Ragging Cell**
- **SC-ST Cell**
- **Department Grievance Redressal Cell (DGRC)**
- **Training and Placement Cell**
- **University Grievance Redressal Cells (UGRC)**
- **Institutional Grievance Redressal Cell (IGRC)**

2 સામાન્ય નિયમો

2.1 શૈક્ષણિક સત્ર :

યુનિવર્સિટીના શૈક્ષણિક સત્રોની વ્યવસ્થા નીચે પ્રમાણે છે :

- **જાન્યુઆરી થી જૂન**
- **જુલાઈ થી ડિસેમ્બર**

! ◆ *ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત ચાલતા* **અભ્યાસક્રમોની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ** www.baou.edu.in **પર** Link:https://baou.edu. in/programmes-offered **મુજબ છે.**

! ◆ *ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત ચાલતા અભ્યાસકેન્દ્રોની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ* www.baou.edu.in *પર* Link: https://baou.edu.in/learner-support centers *મુજબ છે.*

2.2 એકસાથે એકથી વધુ અભ્યાસક્રમમાં પ્રવેશ :

◆ **UGC***ના નિયમ અનુસાર* **BAOU***માં એકસાથે બે ડિગ્રીમાં પ્રવેશ મેળવી શકાશે. આ પ્રકારના વિદ્યાર્થીઓ માટે બંને અભ્યાસક્રમના પેપરોની પરીક્ષાની તારીખો એક જ આવતી હશે તો તે તારીખોમાં વિદ્યાર્થી પોતાની પસંદગીના વિષયની પરીક્ષા આપી શકશે.*

2.3 પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થી સહાય સૂચનો :

◆ **પ્રવેશપત્ર (Student Admission Letter) અને ઓળખપત્ર (I-Card) ડાઉનલોડ કરવા અંગે**

Student Admission Letter *અને* I-Card *યુનિવર્સિટીની વેબસાઈટ* www.baou.edu.in *પર* Link : https://baou.edu.in/post-admission *પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી અભ્યાસક્રમ પૂર્ણ થયા સુધી સાચવી રાખવાનું રહેશે. આપનું* I-Card *ખોવાઈ જાય કે જીર્ણ થઈ જાય તો યુનિવર્સિટીની વેબસાઈટ પરથી પુનઃ ડાઉનલોડ કરી શકશો, જેમાં વિદ્યાર્થીઓ માટે ઓગસ્ટ-૨૦૧૭ પછીના સત્રોના* I-Card*ની સુવિધા ઉપલબ્ધ છે.* Link : http://digitalbaou.baou.edu.in/BAOUERP/students/login.aspx

◆ **પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીને ઉપસ્થિત થતી નીચે મુજબની સમસ્યાઓના સમાધાન અંગે**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in **પર** Link : https://baou.edu.in/application-form **માંથી જરૂરિયાત મુજબના ફોર્મ/અરજી ડાઉનલોડ કરી વિદ્યાર્થીએ પોતાની માગ્યા મુજબની સંપૂર્ણ વિગતો ભરી યુનિવર્સિટી મુખ્ય મથક પર જરૂરી ડોક્યુમેન્ટ/વિગતો/નિયત ફી (ડી.ડી.) સાથે મોકલવાનું રહેશે.**

2.3.1 ફી પરત કરવા બાબત :

◆ *પ્રવેશ રદ કરવાના કિસ્સામાં* UGC *ના પ્રવર્તમાન નિયમ મુજબ ફી પરત આપવામાં આવશે.*

◆ *અસાધારણ કિસ્સા જેવા કે વિદ્યાર્થીનું મૃત્યુ અથવા અભ્યાસક્રમ બંધ થવાના કિસ્સામાં આ બાબતે અરજી કરી શકાશે. જેમાં ફીની મૂળ રકમમાંથી વ્યવસ્થા ખર્ચ પેટે નિયત ફી બાદ કરી ચૂકવવાપાત્ર રકમ ચૂકવશે. આ માટે વિદ્યાર્થીએ/વાલીએ ફી ભર્યાના એક વર્ષની અંદર સંપૂર્ણ વિગતો અને ફીની મૂળ પાવતી (ઓરીજીનલ રીસીપ્ટ) સાથે અરજી કરવાની રહેશે.*

2.3.2 વધુ ભરેલ નાણાં પરત મેળવવા બાબત :

◆ *કોઈપણ કારણસર કોઈ વિદ્યાર્થીએ અભ્યાસક્રમની નિયત રકમ કરતાં વધુ નાણાં ભરી દીધાં હશે તો તેવા કિસ્સામાં વધારાની રકમ ફી ભર્યાના એક વર્ષની અંદર સંપૂર્ણ વિગતો અને ફીની મૂળ પાવતી સાથે અરજી કરવાની રહેશે. જો પ્રવેશાર્થી અધૂરી ફી ભરશે અથવા વધુ ફી ભરશે તો ફી પરત કરવાના કિસ્સામાં યુનિવર્સિટી વ્યવસ્થા ખર્ચ પેટે નિયત ફી કાપીને ચૂકવવાપાત્ર રકમ ચૂકવશે.*

2.3.3 અભ્યાસકેન્દ્રની ફેરબદલી :

દરેક વિદ્યાર્થીને યુનિવર્સિટી દ્વારા સામાન્ય રીતે તેની પસંદગીનું અભ્યાસકેન્દ્ર ફાળવવામાં આવે છે. પરંતુ કોઈ અભ્યાસક્રમમાં જે તે

◆ *અભ્યાસકેન્દ્ર ઉપર નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી થવાના કિસ્સામાં યુનિવર્સિટી તરફથી નજીકનું અભ્યાસકેન્દ્ર ફાળવી આપવામાં આવશે, જેને 'રિપોર્ટિંગ સેન્ટર' તરીકે ઓળખવામાં આવશે. કૌટુંબિક, વ્યાવસાયિક કે અન્ય કોઈપણ કારણસર સ્થળાંતર થતાં વિદ્યાર્થી પોતાનું અભ્યાસકેન્દ્ર બદલી શકશે. જે માટે તેણે નિયતપત્રકમાં નિયત ફી ભરવાની રહેશે અને અરજી કરવાની રહેશે. સામાન્ય રીતે વિદ્યાર્થીની ઈચ્છાનુસાર અભ્યાસકેન્દ્ર ફેરબદલી કરી આપવામાં આવે છે, પરંતુ અભ્યાસકેન્દ્ર પર ફાળવેલ સંખ્યા અંગે કોઈ મર્યાદા હોય તો તેવા અભ્યાસક્રમોના કિસ્સામાં તેમજ જો આવા અભ્યાસકેન્દ્ર ઉપર આ અભ્યાસક્રમ કે પાઠયક્રમ ચાલતો ન હોય તો અભ્યાસકેન્દ્રની ફેરબદલી થઈ શકશે નહિ. આ બાબતે વિદ્યાર્થીની અરજીના આધારે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે વિદ્યાર્થીને માન્ય રહેશે. પરીક્ષા ટર્મ પૂર્ણ થયા બાદ અભ્યાસકેન્દ્ર બદલી શકાશે નહીં. વેબસાઈટ પર પ્રવેશયાદી જાહેર થયાના ૬૦ દિવસ બાદ અભ્યાસકેન્દ્ર બદલી શકાશે નહીં.*

2.3.4 સરનામામાં ફેરફાર :

વિદ્યાર્થીના નામ, સરનામા, જાતિ, અભ્યાસકેન્દ્ર, અનામતકક્ષાનો કોડ વગેરેમાં કોઈપણ પ્રકારની ભૂલ/ક્ષતિ કે ફેરફાર હોય તો તે અંગે વેબસાઈટ

◆ *પર પ્રવેશયાદી જાહેર થયાના ૬૦ દિવસમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે અરજી કરવાની રહેશે. જે માટેની નિયત ફી ભરવાની રહેશે. (નામમાં સુધારા માટે જરૂરી આધાર પુરાવાની* **પ્રમાણિત નકલ તથા નિયત ફીનો** *ડી.ડી. બિડેલો હોવો જરૂરી છે)*

યુનિવર્સિટીના રેકર્ડ ઉપર જરૂરી ફેરફાર ન થાય ત્યાં સુધી જૂના સરનામે આવેલ ટપાલ/સાહિત્ય મેળવવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
આ ઉપરાંત પરીક્ષા તથા અન્ય બાબતો માટેની ફીની વિગત વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

2.4 શિષ્યવૃત્તિ બાબત :

- અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC/OBC), આર્થિક રીતે પછાતવર્ગ (EWS/EBC)ના તથા લઘુમતીવર્ગના પ્રવેશાર્થીએ સરકારશ્રી તરફથી મળતી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવા અર્થે Digital Gujarat Portal (DGP) www.digitalgujarat.gov.in તથા National Scholarship Portal(NSP)www.scholarships.gov.in (nsp.gov.in) પર શિષ્યવૃત્તિનું ફોર્મ ભરવાનું રહેશે. વિદ્યાર્થીએ સરકારશ્રીના સદર બંને પોર્ટલ પર શિષ્યવૃત્તિ મેળવવા અંગે આપેલા નિયમો, સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. વિગતવાર જાણકારી Link:https://baou.edu.in/assets/pdf/digital_gujarat_procedure_for_student PDF પરથી મળી રહેશે.
- શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે એડમીશનનો કન્ફર્મેશન લેટર/બોનાફાઈડ સર્ટિ., આઈકાર્ડ, આધારકાર્ડ ત્રણેયની એક જ PDF બનાવી, આઈકાર્ડના ઓપ્શનમાં અપલોડ કરવું ફરજિયાત છે. (એડમીશનનો કન્ફર્મેશન લેટર/બોનાફાઈડ સર્ટિ. મેળવવા માટે યુનિવર્સિટીના પ્રવેશ વિભાગનો સંપર્ક કરવો).
- વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન ભરાયેલ શિષ્યવૃત્તિનું ફોર્મ તથા અપલોડ કરેલ તમામ સાધનિક કાગળો સહિત યુનિવર્સિટીના સ્કોલરશીપ વિભાગ ખાતે નિયત સમયમર્યાદામાં ટપાલ/રૂબરૂ જમા કરાવવાનું ફરજિયાત છે.
- ઓનલાઈન પોર્ટલ ઉપર દર્શાવેલ શિષ્યવૃત્તિ ફોર્મ જમા કરાવવાની નિયત સમયમર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ શિષ્યવૃત્તિ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

2.5 સ્વાધ્યાયકાર્ય બાબત :

- યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ સિવાયના અભ્યાસક્રમોમાં સતત મૂલ્યાંકન માટે નિયત કરેલ સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાના હોય છે. આ સ્વાધ્યાયકાર્ય યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in ૫૨ Link : https://baou.edu.in/assignment થી ડાઉનલોડ કરવાના રહેશે.
- સામાન્ય રીતે વિદ્યાર્થીએ પાઠ્યક્રમ મુજબ સ્વાધ્યાયકર્યો લખવાના રહેશે.
- જે તે અભ્યાસક્રમના વિદ્યાર્થીએ Tutor Marked Assignment (TMA) સ્વાધ્યાયકાર્યોની એક નકલ પોતાની પાસે રાખી મૂળ નકલ નિયત સમયમર્યાદામાં અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવી તેની રસીદ મેળવવાની રહેશે તેમજ મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત મેળવી લેવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમો/પાઠ્યક્રમોના (સર્ટિફિકેટ કોર્સ સિવાયના) સ્વાધ્યાયકાર્યો લખવા ફરજિયાત છે.
- દરેક સ્વાધ્યાયકાર્યોમાં પાસ થવું ફરજિયાત છે. સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ સ્વાધ્યાયકાર્ય ફરીથી લખવાનું રહેશે.
- પોતાના સ્વાધ્યાયકાર્યના ગુણ યુનિવર્સિટીની વેબસાઈટ પર જોઈ શકાશે.
- દરેક સ્વાધ્યાયકાર્યો અલગ-અલગ ફુલસ્કેપ બુકમાં તૈયાર કરવા જરૂરી છે.
- સ્વાધ્યાયકાર્યમાં જવાબ સાથે પ્રશ્ન નંબર લખવો જરૂરી છે.
વિદ્યાર્થી જે સત્રના સ્વાધ્યાયકાર્યો લખે તેની સાથે સ્વાધ્યાયકાર્યના પ્રશ્નપત્રની નકલ અવશ્ય બીડવાની રહેશે.
- સ્વાધ્યાયકાર્યમાં આપેલ સૂચના મુજબ સ્વાધ્યાયકાર્યોના જવાબો તૈયાર કરવા.
- પાઠ્યક્રમદીઠ નિયત સ્વાધ્યાયકાર્યો પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલાં રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્ર ઉપર આપેલાં સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે વિદ્યાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે પરત મળે છે.

2.6 અભ્યાસ-સામગ્રી :

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણપદ્ધતિને અનુસરતી હોવાથી અભ્યાસક્રમની અભ્યાસ-સામગ્રી તૈયાર કરી વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન માટે પૂરી પાડે છે. ફેબ્રુઆરી-2026 સત્રથી પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને પોસ્ટેજ ચાર્જીસ સાથે તેઓએ દર્શાવેલ સરનામે મેળવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. આ ઉપરાંત જે-તે અભ્યાસક્રમની અભ્યાસ-સામગ્રી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in ૫૨ Link : https://baou.edu.in/eresource થી સોફ્ટ કોપીમાં ઈ-મટીરિયલ સ્વરૂપે ઉપલબ્ધ છે.

2.7 પરામર્શન વર્ગો :

- અધ્યયનમાં ઉદ્ભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા અભ્યાસકેન્દ્રો પર તજજ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે. યુનિવર્સિટી મુખ્ય મથક પર જે-તે વિષયના અધ્યાપકો ઉપલબ્ધ હોય તેમનો યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર સ્કૂલ અન્વયે તજજ્ઞોના ઈ-મેલથી સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકો છો તથા યુનિવર્સિટીના મુખ્ય મથકમાં આવેલ 'ગુરુકુળ મોડલ સ્ટડી સેન્ટર'માંથી સમયપત્રક પ્રમાણે અભ્યાસક્રમ અંગેનું માર્ગદર્શન મેળવી શકો છો. આ ઉપરાંત યુનિવર્સિટીની વેબસાઈટ સ્વાધ્યાય ટી.વી. અને સ્વાધ્યાય રેડિયો અંતર્ગત તજજ્ઞોના વીડિયો લેક્ચર ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ પ્રકારે ઘણા બધા વિકલ્પો પરામર્શન કે માર્ગદર્શન મેળવવા માટે યુનિવર્સિટીમાં ઉપલબ્ધ છે. જેનો વિદ્યાર્થી પોતાની અનુકુળતાએ લાભ લઈ શકે છે.

2.8 સત્રાંત પરીક્ષા :

સત્રાંત પરીક્ષા વર્ષમાં બે વાર યોજવામાં આવે છે, જેનો પ્રારંભ અનુક્રમે
- જાન્યુઆરી અને જુલાઈ માસમાં થાય છે. પરીક્ષાના સમયપત્રક અને પરીક્ષાને લગતી અન્ય વિગતો યોગ્ય સમયે યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in ૫૨ Link : https://baou.edu.in/examination-student મુજબ માહિતી દર્શાવવામાં આવે છે.

2.8.1 પરીક્ષા કેન્દ્ર :

- *સામાન્ય રીતે વિદ્યાર્થીનું અભ્યાસકેન્દ્ર અથવા નજીકનું પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીને ફાળવવામાં આવશે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા જે-તે સમયે પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.*

2.8.2 સત્રાંત પરીક્ષામાં બેસવા માટે :

- *નોંધણી પછી અભ્યાસક્રમનો લઘુત્તમગાળો પૂર્ણ થયેલ હોવો જોઈએ. નિયત સ્વાધ્યાયકાર્યો નિશ્ચિત થયેલ સમયમર્યાદામાં રજૂ કરેલ હોવા જોઈએ. પરીક્ષા ફોર્મ નિયત સમયમર્યાદામાં ભરેલું હોવું જોઈએ.*

  વિદ્યાર્થીએ પરીક્ષા આપેલ હોય પરંતુ તેનું પરિણામ ન આવ્યું હોય તો પણ આપને સલાહ છે કે, પરિણામની રાહ જોયા સિવાય આપેલ પરીક્ષાના પાઠયક્રમ સહિત પરીક્ષા ફોર્મ સમયસર ભરી દેવું. જેથી પરીક્ષા ફોર્મ ભરવાનું રહી જાય નહિ અથવા લેટ ફી ભરવી પડે નહિ. વિદ્યાર્થીઓ માટે પરીક્ષાફોર્મ વેબસાઈટ પર જે-તે સમયે ઉપલબ્ધ રહેશે. વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in *પર સંપર્ક કરવાનો રહેશે.*

2.9 કાયદાકીય કાર્યવાહી માટે અમદાવાદ ન્યાયતંત્ર રહેશે.

2.10 વિદ્યાર્થી દ્વારા સંપર્ક :

- *વિદ્યાર્થીએ પોતાના અભ્યાસને લગતી કોઈપણ બાબત અંગેનો તમામ પત્રવ્યવહાર પોતાનું પૂરું નામ, સરનામું, નોંધણી નંબર, અભ્યાસકેન્દ્રના નામ-સરનામા સાથે યુનિવર્સિટી કાર્યાલય મુખ્ય મથકના સરનામે મોકલવાનું રહેશે. પ્રવેશ, અભ્યાસસામગ્રી, સ્વાધ્યાયકાર્યો અને પરીક્ષાને લગતો પત્રવ્યવહાર અલગ-અલગ પત્રથી અથવા યુનિવર્સિટીની વેબસાઈટ* www.baou.edu.in *પર* Link : https://baou.edu.in/contact *ને અનુસરી આપેલ સંપર્કના માધ્યમે આપની સમસ્યાઓ ઈ-મેલ દ્વારા રજૂ કરવાની રહેશે.*
- **પ્રવેશફોર્મની હાર્ડ કોપી જમા કરાવવા બાબત : પ્રવેશાર્થી/વિદ્યાર્થી દ્વારા જે-તે અભ્યાસક્રમ માટેનું પ્રવેશફોર્મ ભરાયા બાદ તેની પ્રિન્ટેડ હાર્ડ કોપી સ્વીકારવાની પદ્ધતિ ગ્રીન પોલીસી અંતર્ગત મરજિયાત કરવામાં આવેલ છે.**
- **અભ્યાસસામગ્રી મેળવવા બાબત : અભ્યાસસામગ્રી જો પોતાના ઘરે મેળવવી હશે તો નીચે મુજબની વિગતે પોસ્ટેજ ખર્ચ માટેની રકમ અભ્યાસક્રમ ફીની સાથે ભરવાની રહેશે. સદર વિકલ્પ એકવાર પસંદ કર્યા બાદ તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર થઈ શકશે નહિ.**

વિગત	મટીરીયલ પોસ્ટેજ ખર્ચ
તમામ સર્ટિફિકેટ અભ્યાસક્રમ	₹.100/-
તમામ ડિપ્લોમા/પી.જી. ડિપ્લોમા અભ્યાસક્રમ	₹.180/-
તમામ સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ	₹.250/-

(ઉપરોક્ત બાબત ગુજરાત રાજ્ય પૂરતી સીમિત રહેશે)

ડિગ્રી સર્ટિફિકેટ ફી :

- **પ્રવેશસત્ર જુલાઈ-૨૦૨૨થી માસ્ટર, બૅચલર અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ અંતિમ વર્ષ/અંતિમ સેમીસ્ટરની પ્રવેશ ફીની સાથે ડિગ્રી સર્ટિફિકેટ ફી ₹.૨૦૦/- પણ ભરવાની રહેશે.**

ખાસ નોંધ :

- **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશફોર્મ ભરતી વખતે પ્રવેશાર્થી દ્વારા જે-તે પ્રમાણપત્રો રજૂ કરવામાં આવશે તે પ્રમાણપત્રો બાબતે કોઈપણ પ્રકારની માન્યતા અંગે કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય તો તે સંદર્ભેની સંપૂર્ણ જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે તથા યુનિવર્સિટી દ્વારા જો પ્રવેશ આપવામાં આવેલ હશે તો તે પ્રવેશ રદ કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા પ્રવેશ રદ કરવાની પરિસ્થિતિમાં વિદ્યાર્થી દ્વારા ભરેલ ફીમાંથી નિયત ફી કાપી બાકીની રકમ પરત કરવામાં આવશે.**

અન્ય ફી

Bonafide Certificate	Rs.100/-
Subject Change (Per Subject)	Rs.500/-
Centre Change	Rs.500/-
Name Change	Rs.100/-
Address Change	Rs.100/-
Category Change	Rs.200/-
Gender Change	Rs.200/-
Mobile No. Change	Rs.100/-
E-mail ID Change	Rs.100/-
Admission through Credit Transfer	UG Rs.500/- (Per Paper) PG-Rs.750/- (Per Paper)

Duplicate Marksheet (Certificate-Diploma)	Rs.500/-
Duplicate Degree(UG)	Rs.500/-
Duplicate Degree(PG)	Rs.1000/-
Migration	Rs.200/-
Transcript	Rs.1000/-
Verification	Rs.250/-
Trial Certificate	Rs.200/-
WES (World Education Service) Document Evaluation Fee	Rs.1500/-
Student Development Fee	Rs.300/-

3 યુનિવર્સિટીના અભ્યાસક્રમો

3.1 બૅચલર ઑફ આર્ટ્સ (B.A.)

3.1 બૅચલર ઑફ આર્ટ્સ (B.A.)

યુનિવર્સિટીનો સ્નાતક પદવી અભ્યાસક્રમ બી.એ.ની પદવી માટે છે.

પ્રવેશપાત્રતા :

ધોરણ ૧૨ અથવા સમકક્ષ અથવા ધોરણ ૧૦ પછી માન્ય સંસ્થામાં ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ અથવા માન્ય સંસ્થામાંથી PTC પાસ અથવા ધોરણ ૧૦ પછી ITI ના બે કે તેથી વધુ વર્ષના માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ.

અભ્યાસક્રમનો સમયગાળો :

B.A. અભ્યાસક્રમની લઘુત્તમ સમયમર્યાદા ત્રણ વર્ષ અને મહત્તમ સમયમર્યાદા છ વર્ષની રહેશે.

- **અભ્યાસક્રમ ફી :** **ભાઈઓ / બહેનો માટે પ્રથમ વર્ષ :** *રૂા.5000/-, દ્વિતીય વર્ષ રૂા.5000/-, તૃતીય વર્ષ માટે રૂા.5000/-*
- **શિક્ષણનું માધ્યમ :** ગુજરાતી (હિન્દી તથા અંગ્રેજી પાઠ્યક્રમોમાં શિક્ષણનું માધ્યમ જે-તે ભાષા જ રહેશે.)
- **અર્થશાસ્ત્ર :** *અર્થશાસ્ત્ર વિષય પસંદ કરનાર વિદ્યાર્થી હવેથી ગુજરાતી ભાષા ઉપરાંત હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ ઉત્તર લખી શકશે.*

B.A. અભ્યાસક્રમનું માળખું

પ્રથમ વર્ષ

પેપર ક્રમ	વિષય	પાઠ્યક્રમ પ્રકાર	પેપરના નામ	પેપર કોડ	ક્રેડિટ
		નીચે આપેલ વિષયમાંથી કોઈ બે વિષય પસંદ કરવા			
1, 2	*સંસ્કૃત*	*ફરજિયાત વિષય : પેપર-1 અને પેપર-2*	*संस्कृत नाट्य : परिचय अने कृति*	SKT-COM-101	4
	હિન્દી		***हिंदी कहानी, कविता और व्याकरण***	HND-COM-101	4
	ગુજરાતી		*ગુજરાતી*	GUJ-COM-101	4
	અંગ્રેજી		*અંગ્રેજી*	ENG-COM-101	4







મુખ્ય વિષય તરીકે કોઈ એક વિષય પસંદ કરવો. (પસંદ કરેલ વિષયના બે પેપર્સ રહેશે)					
3, 4	સંસ્કૃત	મુખ્ય વિષય : પેપર-1	સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય	SKTM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	સંસ્કૃત નાટ્ય, સ્તોત્ર અને મુક્તક કાવ્યો	SKTM-102	5
	હિન્દી	મુખ્ય વિષય : પેપર-1	***हिंदी कहानियाँ और उपन्यास***	HNDM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	***हिंदी कविताएँ***	HNDM-102	5
	ગુજરાતી	મુખ્ય વિષય : પેપર-1	ગુજરાતી ગદ્ય	GUJM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	ગુજરાતી પદ્ય	GUJM-102	5
	અંગ્રેજી	મુખ્ય વિષય : પેપર-1	Introduction to Literature	ENGM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	Introduction to English Language and Structure	ENGM-102	5
	સમાજશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-1	સમાજશાસ્ત્ર પરિચય	SOCM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	ભારતમાં સમાજ	SOCM-102	5
	ઇતિહાસ	મુખ્ય વિષય : પેપર-1	પ્રાચીન ભારતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)	HISM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ. 1304 સુધી)	HISM-102	5
	રાજ્યશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-1	રાજ્યશાસ્ત્રનો પરિચય	PSCM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	સરકારી તંત્રવ્યવસ્થા	PSCM-102	5
	જાહેર વહીવટ	મુખ્ય વિષય : પેપર-1	જાહેર વહીવટનાં સિદ્ધાંતો	PADM-01	5
		મુખ્ય વિષય : પેપર-2	સંચાલનનાં સિદ્ધાંતો	PADM-02	5
	અર્થશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-1	પ્રારંભિક અર્થશાસ્ત્ર	ECOM-101	5
		મુખ્ય વિષય : પેપર-2	ભારતીય અર્થતંત્રનો પરિચય	ECOM-102	5
ગૌણ વિષય તરીકે મુખ્ય વિષય સિવાયનો કોઈ એક વિષય પસંદ કરવો (પસંદ કરેલ વિષયના બે પેપર્સ રહેશે)					
5, 6	સંસ્કૃત	ગૌણ વિષય : પેપર-1	સંસ્કૃત પદ્ય અને ગદ્ય સાહિત્ય	SKTS-101	5
		ગૌણ વિષય : પેપર-2	સંસ્કૃત નાટ્ય, સ્તોત્ર અને મુક્તક કાવ્યો	SKTS-102	5
	હિન્દી	ગૌણ વિષય : પેપર-1	***हिंदी कहानियाँ और उपन्यास***	HNDS-101	5
		ગૌણ વિષય : પેપર-2	***हिंदी कविताएँ***	HNDS-102	5
	ગુજરાતી	ગૌણ વિષય : પેપર-1	ગુજરાતી ગદ્ય	GUJS-101	5
		ગૌણ વિષય : પેપર-2	ગુજરાતી પદ્ય	GUJS-102	5
	અંગ્રેજી	ગૌણ વિષય : પેપર-1	Introduction to Literature	ENGS-101	5
		ગૌણ વિષય : પેપર-2	Introduction to English Language and Structure	ENGS-102	5
	સમાજશાસ્ત્ર	ગૌણ વિષય : પેપર-1	સમાજશાસ્ત્ર પરિચય	SOCS-101	5
		ગૌણ વિષય : પેપર-2	ભારતમાં સમાજ	SOCS-102	5
	ઇતિહાસ	ગૌણ વિષય : પેપર-1	પ્રાચીન ભારતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)	HISS-101	5
		ગૌણ વિષય : પેપર-2	ગુજરાતનો ઇતિહાસ (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ. ૧૩૦૪ સુધી)	HISS-102	5

	રાજ્યશાસ્ત્ર	ગૌણ વિષય : પેપર-1	રાજ્યશાસ્ત્રનો પરિચય	PSCS-101	5
		ગૌણ વિષય : પેપર-2	સરકારી તંત્રવ્યવસ્થા	PSCS-102	5
	જાહેર વહીવટ	ગૌણ વિષય : પેપર-1	જાહેર વહીવટનાં સિદ્ધાંતો	PADS-01	5
		ગૌણ વિષય : પેપર-2	સંચાલનનાં સિદ્ધાંતો	PADS-02	5
	અર્થશાસ્ત્ર	ગૌણ વિષય : પેપર-1	પ્રારંભિક અર્થશાસ્ત્ર	ECOS-101	5
		ગૌણ વિષય : પેપર-2	ભારતીય અર્થતંત્રનો પરિચય	ECOS-102	5
7	ફરજિયાત વિષય	ફરજિયાત વિષય : પેપર-3	માનવ પર્યાવરણ	ENV-COM-01	4
				કુલ ક્રેડિટ	32

દ્વિતીય વર્ષ

પેપર ક્રમ	વિષય	પાઠ્યક્રમ પ્રકાર	પેપરના નામ	પેપર કોડ	ક્રેડિટ
		નીચે આપેલ વિષયમાંથી પ્રથમ વર્ષમાં ફરજિયાત વિષય તરીકે લીધેલ વિષયમાંથી એક વિષય પસંદ કરવો			
1	संस्कृत	ફરજિયાત વિષય : પેપર-1	संस्कृत कथा साहित्य	SKT-COM-202	4
	हिन्दी		एकांकी एवं अन्य गद्य विधाएँ और व्याकरण	HND-COM-202	
	ગુજરાતી		ગુજરાતી	GUJ-COM-202	
	अंग्रेजी		अंग्रेजी	ENG-COM-202	
નીચે આપેલ વિષયોમાંથી પ્રથમ વર્ષમાં આપે જે મુખ્ય વિષય પસંદ કરેલ હશે તે વિષયના દ્વિતીય વર્ષમાં ત્રણ પેપર્સ રહેશે					
2, 3, 4	संस्कृत	मुख्य विषय : पेपर-3	आर्ष महाकाव्यो	SKTM-203	5
		मुख्य विषय : पेपर-4	वैदिक साहित्य अने उपनिषद	SKTM-204	5
		मुख्य विषय : पेपर-5	अलंकारशास्त्र अने नाट्यसाहित्य	SKTM-205	5
	हिन्दी	मुख्य विषय : पेपर-3	हिंदी नाट्य	HNDM-203	5
		मुख्य विषय : पेपर-4	हिंदी की कथेतर गद्य विधाएँ	HNDM-204	5
		मुख्य विषय : पेपर-5	हिंदी भाषा – व्याकरण और संप्रेषण	HNDM-205	5
	ગુજરાતી	મુખ્ય વિષય : પેપર-3	મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ	GUJM-203	5
		મુખ્ય વિષય : પેપર-4	મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ-આખ્યાન	GUJM-204	5
		મુખ્ય વિષય : પેપર-5	અર્વાચીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ-એકાંકી	GUJM-205	5
	अंग्रेजी	मुख्य विषय : पेपर-3	History of English Literature - I	ENGM-203	5
		मुख्य विषय : पेपर-4	Study of Short Story	ENGM-204	5
		मुख्य विषय : पेपर-5	Study of Novel	ENGM-205	5
	સમાજશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-3	ભારતમાં સામાજિક સમસ્યાઓ (Social Problems in India)	SOCM-203	5
		મુખ્ય વિષય : પેપર-4	ગ્રામીણ સમાજશાસ્ત્ર (Rural Sociology)	SOCM-204	5
		મુખ્ય વિષય : પેપર-5	આદિવાસી સમાજનું સમાજશાસ્ત્ર (Sociology of Tribal Society)	SOCM-205	5
	ઇતિહાસ	મુખ્ય વિષય : પેપર-3	ભારતનો ઇતિહાસ (ઈ.સ. 650 થી 1526 સુધી)	HISM-203	5
		મુખ્ય વિષય : પેપર-4	ગુજરાતનો ઇતિહાસ (ઈ.સ. 1304 થી 1818 સુધી)	HISM-204	5
		મુખ્ય વિષય : પેપર-5	આધુનિક વિશ્વનો ઇતિહાસ (નવ જાગૃતિથી રાષ્ટ્રસંઘ સુધી)	HISM-205	5

	રાજ્યશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-3	ભારતીય સરકાર અને રાજકારણ	PSCM-203	5
		મુખ્ય વિષય : પેપર-4	ભારતમાં પંચાયતી રાજ	PSCM-204	5
		મુખ્ય વિષય : પેપર-5	લોકશાહીનાં પાયાના સિદ્ધાંતો	PSCM-205	5
	જાહેર વહીવટ	મુખ્ય વિષય : પેપર-3	ભારતીય વહીવટ	PADM-03	5
		મુખ્ય વિષય : પેપર-4	નાગરિક વહીવટ	PADM-04	5
		મુખ્ય વિષય : પેપર-5	વિકાસ વહીવટ	PADM-05	5
	અર્થશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-3	એકમલક્ષી અર્થશાસ્ત્ર (Microeconomics)	ECOM-203	5
		મુખ્ય વિષય : પેપર-4	ગુજરાતનું અર્થતંત્ર (Economy of Gujarat)	ECOM-204	5
		મુખ્ય વિષય : પેપર-5	આંકડાશાસ્ત્ર પરિચય (Introduction to Statistics)	ECOM-205	5
			અથવા		
			અર્થશાસ્ત્રમાં કમ્પ્યૂટરના ઉપયોગો	ECOM-206	5
નીચે આપેલ વિષયોમાંથી પ્રથમ વર્ષમાં આપે જે ગૌણ વિષય પસંદ કરેલ હશે તે વિષયના દ્વિતીય વર્ષમાં બે પેપર્સ રહેશે					
5, 6	સંસ્કૃત	ગૌણ વિષય : પેપર-3	આર્ષ મહાકાવ્યો	SKTS-203	5
		ગૌણ વિષય : પેપર-4	વૈદિક સાહિત્ય અને ઉપનિષદ	SKTS-204	5
	હિન્દી	ગૌણ વિષય : પેપર-3	हिंदी नाट्य	HNDS-203	5
		ગૌણ વિષય : પેપર-4	हिंदी की कथेतर गद्य विधाएँ	HNDS-204	5
	ગુજરાતી	ગૌણ વિષય : પેપર-3	મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ	GUJS-203	5
		ગૌણ વિષય : પેપર-4	મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ-આખ્યાન	GUJS-204	5
	અંગ્રેજી	ગૌણ વિષય : પેપર-3	History of English Literature - I	ENGS-203	5
		ગૌણ વિષય : પેપર-4	Study of Short Story	ENGS-204	5
	સમાજશાસ્ત્ર	ગૌણ વિષય : પેપર-3	ભારતમાં સામાજિક સમસ્યાઓ (Social Problems in India)	SOCS-203	5
		ગૌણ વિષય : પેપર-4	ગ્રામીણ સમાજશાસ્ત્ર (Rural Sociology)	SOCS-204	5
	ઇતિહાસ	ગૌણ વિષય : પેપર-3	ભારતનો ઇતિહાસ (ઈ.સ. 650 થી 1526 સુધી)	HISS-203	5
		ગૌણ વિષય : પેપર-4	ગુજરાતનો ઇતિહાસ (ઈ.સ. 1304 થી 1818 સુધી)	HISS-204	5
	રાજ્યશાસ્ત્ર	ગૌણ વિષય : પેપર-3	ભારતીય સરકાર અને રાજકારણ	PSCS-203	5
		ગૌણ વિષય : પેપર-4	ભારતમાં પંચાયતી રાજ	PSCS-204	5
	જાહેર વહીવટ	ગૌણ વિષય : પેપર-3	ભારતીય વહીવટ	PADS-03	5
		ગૌણ વિષય : પેપર-4	નાગરિક વહીવટ	PADS-04	5
	અર્થશાસ્ત્ર	ગૌણ વિષય : પેપર-3	એકમલક્ષી અર્થશાસ્ત્ર(Microeconomics)	ECOS-203	5
		ગૌણ વિષય : પેપર-4	ગુજરાતનું અર્થતંત્ર (Economy of Gujarat)	ECOS-204	5
નીચે આપેલ વિષયોમાંથી કોઈ એક વિષય પસંદ કરવો					
7			પ્રવાસન બુનિયાદી પાઠ્યક્રમ	ATM-COM-01	
	ફરજિયાત વિષય	ફરજિયાત વિષય : પેપર-2	યોગ પરિચય	AYS-COM-01	4
			નેચરોપથી	AIN-COM-01	
			ગ્રામ્ય સ્વાસ્થ્ય : એક પરિચય	ARH-COM-01	
			માનવ અધિકાર : સમાજ અને વિકાસ	AHR-COM-01	
			ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન ચરિત્ર અને રાષ્ટ્રીય જીવનમાં પ્રદાન	ALT-COM-01	
			NGO સંચાલન	ANM-COM-01	
				કુલ ક્રેડિટ	**33**

તૃતીય વર્ષ

પેપર ક્રમ	વિષય	પાઠ્યક્રમ પ્રકાર	પેપરના નામ	પેપર કોડ	ક્રેડિટ
		નીચે આપેલ વિષયોમાંથી દ્વિતીય વર્ષમાં ફરજિયાત વિષય તરીકે જે વિષય લીધેલ હોય તે વિષય પસંદ કરવો			
1	*સંસ્કૃત*	*ફરજિયાત વિષય : પેપર-1*	*પ્રશિષ્ટ મહાકાવ્યો*	SKT-COM-303	4
	હિન્દી		*हिन्दी*	HND-COM-03	
	ગુજરાતી		*ગુજરાતી*	GUJ-COM-303	
	અંગ્રેજી		*અંગ્રેજી*	ENG-COM-303	
		નીચે આપેલ વિષયોમાંથી આપનો જે મુખ્ય વિષય હશે તે વિષયના પાંચ પેપર્સ રહેશે			
2, 3, 4, 5, 6	*સંસ્કૃત*	*મુખ્ય વિષય : પેપર-6*	*વ્યાકરણ, ભાષાવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર*	SKTM-306	5
		મુખ્ય વિષય : પેપર-7	*દર્શન*	SKTM-307	5
		મુખ્ય વિષય : પેપર-8	*અલંકાર શાસ્ત્ર*	SKTM-308	5
		મુખ્ય વિષય : પેપર-9	*સંસ્કૃત સાહિત્ય*	SKTM-309	5
		મુખ્ય વિષય : પેપર-10	*અપઠિત સંસ્કૃત*	SKTM-310	5
	हिन्दी	*मुख्य विषय : पेपर-6*	***हिंदी साहित्य का इतिहास एवं साहित्य परिचय २***	HNDM-06	5
		मुख्य विषय : पेपर-7	***आधुनिक भारतीय साहित्य : नवजागरण और राष्ट्रीय आंदोलन १***	HNDM-07	5
		मुख्य विषय : पेपर-8	***आधुनिक भारतीय साहित्य : नवजागरण और राष्ट्रीय आंदोलन २***	HNDM-08	5
		मुख्य विषय : पेपर-9	***हिंदी भाषा - इतिहास और वर्तमान-१***	HNDM-09	5
		मुख्य विषय : पेपर-10	***हिंदी भाषा - इतिहास और वर्तमान-२***	HNDM-10	5
	ગુજરાતી	*મુખ્ય વિષય : પેપર-6*	*અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ*	GUJM-306	5
		મુખ્ય વિષય : પેપર-7	*અર્વાચીન ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ - ગઝલ*	GUJM-307	5
		મુખ્ય વિષય : પેપર-8	*ગુજરાતી ભાષાનો સૈદ્ધાંતિક અભ્યાસ*	GUJM-308	5
		મુખ્ય વિષય : પેપર-9	*સાહિત્ય સિદ્ધાંત*	GUJM-309	5
		મુખ્ય વિષય : પેપર-10	*ગુજરાતી પ્રશિષ્ટ કૃતિઓનો અભ્યાસ*	GUJM-310	5
	અંગ્રેજી	*મુખ્ય વિષય : પેપર-6*	History of English Literature - II	ENGM-306	5
		મુખ્ય વિષય : પેપર-7	Study of Poetry	ENGM-307	5
		મુખ્ય વિષય : પેપર-8	Study of Essay	ENGM-308	5
		મુખ્ય વિષય : પેપર-9	Study of Drama	ENGM-309	5
		મુખ્ય વિષય : પેપર-10	Study of Linguistics and Phonetics	ENGM-310	5
	સમાજશાસ્ત્ર	*મુખ્ય વિષય : પેપર-6*	*સમાજશાસ્ત્રીય વિચારકો* (Sociological Thinkers)	SOCM-306	5
		મુખ્ય વિષય : પેપર-7	*સામાજિક સંશોધન પદ્ધતિઓ* (Social Research Methods)	SOCM-307	5
		મુખ્ય વિષય : પેપર-8	*કુટુંબ, લગ્ન અને સગાઈસંબંધો* (Family, Marriage and Kinship)	SOCM-308	5
		મુખ્ય વિષય : પેપર-9	*સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ* (Social Welfare and Social Legislation)	SOCM-309	5
		મુખ્ય વિષય : પેપર-10	*વસ્તી અને સમાજ* (Population and Society)	SOCM-310	5
	ઈતિહાસ	*મુખ્ય વિષય : પેપર-6*	*ઐતિહાસિક પદ્ધતિઓ*	HISM-306	5
		મુખ્ય વિષય : પેપર-7	*ભારતનો ઈતિહાસ (ઈ.સ. 1526 થી 1818 સુધી)*	HISM-307	5
		મુખ્ય વિષય : પેપર-8	*ગુજરાતનો ઈતિહાસ (ઈ.સ. 1818 થી 1960 સુધી)*	HISM-308	5
		મુખ્ય વિષય : પેપર-9	*ભારતનો ઈતિહાસ (ઈ.સ. 1818 થી 1964 સુધી)*	HISM-309	5
		મુખ્ય વિષય : પેપર-10	*ભારતનું બંધારણ*	HISM-310	5

	રાજ્યશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-6	આધુનિક ભારતીય રાજનૈતિક વિચારધારાઓ	PSCM-06	5
		મુખ્ય વિષય : પેપર-7	આંતરરાષ્ટ્રીય સંબંધો	PSCM-07	5
		મુખ્ય વિષય : પેપર-8	કાર્મિક વહીવટ	PSCM-08	5
		મુખ્ય વિષય : પેપર-9	દક્ષિણ એશિયામાં સરકાર અને રાજનીતિ	PSCM-09	5
		મુખ્ય વિષય : પેપર-10	પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં સરકાર અને રાજનીતિ	PSCM-10	5
	જાહેર વહીવટ	મુખ્ય વિષય : પેપર-6	કાર્મિક વહીવટ	PADM-06	5
		મુખ્ય વિષય : પેપર-7	નાણાકીય વહીવટ ભાગ-૦૧	PADM-07	5
		મુખ્ય વિષય : પેપર-8	નાણાકીય વહીવટ ભાગ-૦૨	PADM-08	5
		મુખ્ય વિષય : પેપર-9	જાહેર નીતિનું ઘડતર	PADM-09	5
		મુખ્ય વિષય : પેપર-10	જાહેર નીતિનું વિશ્લેષણ	PADM-10	5
	અર્થશાસ્ત્ર	મુખ્ય વિષય : પેપર-6	સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર	ECOM-306	5
		મુખ્ય વિષય : પેપર-7	જાહેર અર્થશાસ્ત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર	ECOM-307	5
		મુખ્ય વિષય : પેપર-8	આર્થિક વિકાસ અને આર્થિક વૃદ્ધિ	ECOM-308	5
		મુખ્ય વિષય : પેપર-9	આંકડાશાસ્ત્ર	ECOM-309	5
		મુખ્ય વિષય : પેપર-10	પ્રોજેક્ટ	ECOM-310	5
			અથવા		
			આર્થિક નિબંધો	ECOM-311	5
નીચે આપેલ વિષયોમાંથી કોઈ એક વિષય પસંદ કરવો					
7	ફરજિયાત વિષય	ફરજિયાત વિષય : પેપર-2	ફીચર લેખન	AFWCOM-01	4
			રેડિયો માટે લેખન	AWRCOM-01	4
			બજાર પ્રક્રિયા	AMKCOM-01	4
			નિકાસ પ્રક્રિયા અને દસ્તાવેજીકરણ	AEDCOM-01	4
			કાર્યાલય વ્યવસ્થાતંત્ર અને સંચાલન	AOMCOM-01	4
			સેક્રેટરીયલ પ્રેક્ટીસ	ASPCOM-01	4
			મૂલ્ય શિક્ષણ અને આધ્યાત્મિકતા	AVESCOM-01	4
				કુલ ક્રેડિટ	૩૩





મૂલ્યાંકન :

વિદ્યાર્થીનું મૂલ્યાંકન બે રીતે કરવામાં આવે છે.

- **સતત મૂલ્યાંકન (ભારાંક 30%)**
  દરેક અભ્યાસક્રમમાં પાઠ્યક્રમદીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય ફાળવવામાં આવે છે. વિદ્યાર્થીએ આ સ્વાધ્યાયકાર્યના ઉત્તરો લખીને અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવી તેની રસીદ મેળવવાની રહેશે તેમજ મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત મેળવી લેવાના રહેશે.

- **સત્રાંત મૂલ્યાંકન : (ભારાંક 70%)**
  વિદ્યાર્થીએ બી.એ. અથવા બી.કૉમના પ્રથમ, દ્વિતીય કે તૃતીય વર્ષમાં પ્રવેશની જાહેરાતમાં સૂચિત સમય દરમ્યાન પ્રવેશ લેવાનો હોય છે. આ પ્રવેશ મેળવ્યા પછી એક વર્ષ પછી પરીક્ષા આપી શકાશે. એક વર્ષ પછી આવતી પરીક્ષા ન આપી શકાય/તેમાં અનુત્તીર્ણ થવાય તો ત્યાર પછીના દર છ માસે મહત્તમ સમયગાળાની મર્યાદામાં પરીક્ષા આપી શકાય.

સફળતાનું ધોરણ :

- **સતત મૂલ્યાંકન :**
  દરેક અભ્યાસક્રમમાં પાઠ્યક્રમદીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય ફાળવવામાં આવે છે. તેમાં વિદ્યાર્થીએ 36% કે 'D' ગ્રેડ મેળવવો આવશ્યક છે. તમામ સ્વાધ્યાયકાર્યોના ઉત્તરો લખીને સ્વાધ્યાયકાર્યોમાં ઉલ્લેખ કરેલ સ્થળે અને દર્શાવેલ સમય સુધીમાં મૂલ્યાંકનની કાર્યવાહી અર્થે રજૂ કરવા ફરજિયાત છે.

- **સત્રાંત પરીક્ષા :**
  અભ્યાસક્રમ સફળતાથી પૂર્ણ કરવા માટે સત્રાંત પરીક્ષામાં પાઠ્યક્રમદીઠ ઓછામાં ઓછા 36% અથવા 'D' ગ્રેડ મેળવવો આવશ્યક છે.

વર્ષવાર નોંધણી તેમજ અભ્યાસની વ્યવસ્થા :

- દરેક વિદ્યાર્થીએ ત્રણ વર્ષમાં મુખ્ય વિષયના ૧૦ પેપર (પાઠ્યક્રમો) પસંદ કરવા અનિવાર્ય છે.
- વ્યવસ્થાની સરળતા માટે પાઠ્યક્રમોની પસંદગી વિદ્યાર્થીએ બનાવેલ જૂથોમાંથી જ કરવાની રહેશે.

પ્રવેશાર્થીએ પસંદ કરેલ પાઠ્યક્રમ/વિષયની ફેરબદલી **પ્રવેશ યાદી વેબસાઈટ પર જાહેર થયાના ૬૦ દિવસમાં થઈ શકશે.** *આ માટે વિષયદીઠ ફેરબદલી માટે રૂા. ૫૦૦/- ફી ભરવાની રહેશે, જેની અરજી સંબંધિત રીજનલ હેડને કરવાની રહેશે.*

પ્રથમ વર્ષ/સેમીસ્ટરમાં વિદ્યાર્થી ઉત્તીર્ણ થાય કે ન થાય પણ પ્રથમ વર્ષ/સેમીસ્ટરનો લઘુત્તમ સમયગાળો પૂર્ણ થયેથી દ્વિતીય વર્ષ/સેમીસ્ટરમાં અને તે અનુસાર દ્વિતીય વર્ષ/સેમીસ્ટરનો સમયગાળો પૂર્ણ થયેથી તૃતીય વર્ષ/સેમીસ્ટરમાં પ્રવેશપાત્ર થશે. *દ્વિતીય તથા તૃતીય વર્ષ/સેમીસ્ટરમાં નોંધણી માટે વિદ્યાર્થીએ જે-તે સત્ર માટેના પ્રવેશ શરૂ થયેથી નિયત સમયમર્યાદામાં ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવું.* **આ વ્યવસ્થા નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવા માટેની જ હોઈ અગાઉના જે તે વર્ષના પાઠ્યક્રમ પૂર્ણ કરેલા હોવા જરૂરી રહેશે નહીં, પરંતુ પદવી પ્રાપ્ત કરવાના હેતુથી નિયત કરેલા તમામ સ્વાધ્યાયકાર્યો તથા પાઠ્યક્રમોમાં ઉત્તીર્ણ થવું જરૂરી છે.**

3.2 બૅચલર ઑફ આર્ટ્સ (ઓનર્સ)

પ્રવેશપાત્રતા :

